# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ 2025-30નો શુભારંભ કરાવ્યો

2) રાજ્યની RTOના 700 ટેક્નિકલ ઓફિસરોએ હડતાળ સમેટી.

3) રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ 2025-26નું ત્રણ હજાર 118 કરોડ રૂપિયાનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યું છે

4) રાજ્યમાં મિશ્ર ઋતુનો અનુભવ -- મુખ્ય શહેરોમાં તાપમાનમાં વધારો.

5) રણજી ટ્રોફી મેચમાં ગુજરાતે સૌરાષ્ટ્રને એક ઇનિંગ અને 98 રને હરાવીને સેમિ-ફાઇનલમાં સ્થાન મેળવ્યું.

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GANDHINAGAR GCC POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ 2025-30નો શુભારંભ કરાવ્યો. આ નીતિ અંતર્ગત રાજ્યમાં ઓછામાં ઓછા 250 નવા GCCની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત 10 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ અને 50 હજારથી વધુ નવી રોજગારીની તકોની સંભાવના છે. આ નીતિના પરિણામે રાજ્યમાં 10 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ પણ થશે. GCC નીતિનો લક્ષ્યાંક  નવીનતાને પ્રોત્સાહન આપવા સાથે વૈશ્વિક સ્તરે ગુજરાતને GCCs માટેનું અગ્રણી સ્થાન બનાવવાનું છે

આ પ્રસંગે શ્રી પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ નીતિના પ્રારંભથી ગુજરાતનાં ટેક્નોલોજી આધારિત વિકાસને નવી દિશા મળશે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી )

વિજ્ઞાન એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં  વિકસિત ગુજરાતનું સ્થાન નિર્ણાયક હશે તેમ જણાવ્યું હતું.

(બાઇટ: મોના ખંધાર, અગ્ર સચિવ સાયન્સ એન્ડ ટેક. વિભાગ)

. . . . . . . . . . . . .

# The Clinical Establishment Act-2024

**રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.**

રાજ્યની તમામ હોસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2024 અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. **અત્યાર સુધીમાં રાજ્યની ૧૬ હજાર ૬૯૮ જેટલી આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ રજીસ્ટ્રેશન કરાવ્યું, જે પૈકી ૧૪ હજાર ૬૪૭ સંસ્થાઓએ ઓનલાઈન નોંધણી કરાવી** છે.

રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્ર વિના કાર્યરત કોઈપણ આરોગ્ય સંસ્થાઓ માટે ૧૦ હજારથી ૫ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ છે.

આ કાયદા હેઠળ તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

. . . . . . . . . . . . .

# RTO- Strike

રાજ્યભરમાં RTOના મોટર વ્હીકલ્સ ડિપાર્ટમેન્ટના ટેક્નિકલ અધિકારોએ તેમની હડતાળ સમેટીને કામ પર પાછા ફર્યા હતા. અધિકારીઓ પડતર પ્રશ્નોનાં ઉકેલની માંગણી છેલ્લાં કેટલાંક દિવથી અલગ અલગ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. જો કે આજે બપોરે પ્રશ્નોનો ઉકેલ લાવવા સરકાર તરફથી બાંયધરી અપાતા તેઓ કામ પર પાછા ફર્યા હતા. જો કે, દોઢ દિવસ દરમિયાન કામગીરી ખોરંભે ચડતા અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં ત્રણ હજારથી વધુ અરજદારોએ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

ગત 3 ફેબ્રુઆરીએ મોટર વ્હિકલ્સ ડિપાર્ટમેન્ટ ટેકનિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર રહેલાં પ્રશ્નોને લઈને કચેરીના વડાને આવેદનપત્ર પાઠવાયું હતું. ત્યારબાદ સમગ્ર સપ્તાહ દરમિયાન દરમિયાન સતત વિરોધ નોંધાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# HELMET DRIVE

સરકારી કચેરી ખાતે આવતા કર્મચારી અને અધિકારીઓ માટે ફરજિયાત હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ માટે રાજ્યના પોલિસ મહાનિદેશકના આદેશ બાદ આજે રાજ્યભરમાં કસૂરવારો સામે પગલાં લેવામાં આવ્યા હતા.

વલસાડથી અમારાં પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, ટ્રાફિક ઝુંબેશ અંતર્ગત કલેક્ટર કચેરી ખાતે નાયબ મામલતદાર સહિત 22 અને પારડી પ્રાંત કચેરી ખાતે 20 સરકારી કર્મચારીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આજે ગાંધીનગર, અને તાપી જિલ્લામાં તપાસ હાથ ધરીને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર કર્મચારીઓ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કરાઈ હતી.

. . . . . . . . . . . . .

# RAJKOT BUDGET

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ 2025-26નું રૂ. ત્રણ હજાર 118 કરોડ રૂપિયાનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કર્યું છે. કમિશનર તરફથી ડ્રાફ્ટ બજેટમાં કર દરમાં સૂચવાયેલો 150 કરોડ રૂપિયાનો વધારો કમિટીએ ફગાવી દીધો છે અને બજેટમાં છ કરોડ રૂપિયાનો વધારો કરીને નવી 20 યોજનાઓ ઉમેરવામાં પણ આવી છે. ગુજરાતમાં સૌ પ્રથમ રાજકોટ મનપામાં કમિશનરે ફાયર ટેક્સનું સૂચન કર્યું હતું. પરંતુ, સ્ટેન્ડિંગ કમિટીએ આ સૂચનને ફગાવી દીધું છે.

બજેટમાં શહેરમાં નવા સ્કાય વોક અને ઓવર બ્રિજ બનાવવાની, શહેરના ચાર સ્થળે આકર્ષક એન્ટ્રી ગેટ, થીમ આધારિત ઓકસીજન પાર્ક બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે વધુ માહિતી આપી.

(BYTE – જેમીન ઠાકર)

. . . . . . . . . . . . .

# LOCAL ELECTION

18મી ફેબ્રુઆરીએ યોજાનારી રાજ્યની કેટલીક તાલુકા પંચાયતો, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા પ્રચારમાં વેગ આવ્યો છે.

જુનાગઢ જીલ્લાના માંગરોળ નગર પાલિકાના પ્રભારી તરીકે ભાવનગરના પૂર્વ ડેપ્યુટી મેયર ભરતસિંહ ગોહિલની ગુજરાત પ્રદેશ ભા.જ.પ. દ્વારા નિમણૂક કરવામાં આવી છે. જેમણે આજે માંગરોળનાં વોર્ડ નંબર બે માં ડોર-ટુ ડોર પ્રચાર અને પત્રીકા રાઉન્ડ દરમિયાન મતદાન કરવા અને ભાજપના ઉમેદવારોને વિજય બનાવવા અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AMBAJI MANDIR

અંબાજી ખાતે ત્રણ દિવસીય 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો આજે સમાપન થશે ત્યારે આજે છેલ્લાં દિવસ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માઁ અંબા સહિત ૫૧ શકિતપીઠના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

પ્રસ્તુત છે સાબરકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિનો અહેવાલ

(બાઈટ – સવજી ચૌધરી, પીટીસી બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# FOOD AND DRUGS

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે એક વર્ષમાં 265 થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે.

દરોડા દરમિયાન 362 ટનથી વધુ અખાદ્ય વસ્તુઓ અને ભેળસેળયુક્ત વસ્તુઓ જપ્ત કરીને નાશ કરવામાં આવી છે. આ ચીજવસ્તુઓની કિંમત લગભગ 10 કરોડ રૂપિયા જેટલી થાય છે.

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં દિવસે ગરમી  અને રાત્રે તથા વહેલી સવારે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યનાં મુખ્ય શહેરોમાં છેલ્લાં 24 કલાકમાં 33 ડિગ્રી સેલ્સિયસથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. કેટલાંક જિલ્લામાં લઘુતમ તાપમાનમાં અડધાથી એક ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો.. અમદાવાદમાં 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન અને 33.4 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં લઘુત્તમ 15.8 અને મહત્તમ તાપમાન 33.4 ડિગ્રી, રાજકોટમાં લઘુત્તમ 15.8 ડિગ્રી અને મહત્તમ 33.1 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં લઘુત્તમ 18 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ 34.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ આ મુજબ માહિતી આપી હતી.

**(બાઈટ – પ્રદિપ શર્મા,  હવામાન વિભાગ વૈજ્ઞાનિક)**

. . . . . . . . . . . . .

# CIVIL ORGAN DONAR

અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે ૧૭૭મું અંગદાન થયું હતું. દહેગામના રણાસણ ગામના મહિલાને વાહન અકસ્માતમાં માથામાં  ગંભીર ઇજા થઇ હતી. સિવિલ હોસ્પિટલમાં તેમને બ્રેઇન ડેડ જાહેર કરાયા બાદ પરિવારે અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો.

સિવિલ હોસ્પિટલનાં તબીબી અધિક્ષક ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે, મૃતકના હ્રદય, લીવર અને બે કિડનીથી ચાર વ્યક્તિને નવજીવન મળશે.

આ સાથે સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૭૬ અંગોનું દાન મળ્યું છે, જેનાં દ્વારા ૫૫૮ વ્યકિતઓને જીવનદાન મળ્યું છે.

. . . . . . . . . . . . .

# Ranji Trophy Gujarat victory

રાજકોટનાં નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી રણજી ટ્રોફી મેચમાં ગુજરાતે સૌરાષ્ટ્રને એક ઇનિંગ અને 98 રને હરાવીને સેમિ-ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું છે. ગુજરાત હવે જમ્મુ કાશ્મીર અને કેરળ વચ્ચેની મેચનાં વિજેતા સામે સેમિ ફાઇનલ રમશે.

પ્રથમ ઇનિંગમાં સૌરાષ્ટ્ર 216 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જવાબમાં ગુજરાતે ઉર્વિલ પટેલનાં 140 અને જયમીત પટેલનાં 103 રનની મદદથી 511 રનનો તોતિંગ સ્કોર બનાવીને સૌરાષ્ટ્ર પર 295 રનની મજબૂત સરસાઈ મેળવી હતી. બીજી ઇનિંગમાં મેદાનમાં ઉતરેલી સૌરાષ્ટ્રની ટીમ 197 રનમાં ઓલઆઉટ થતાં ગુજરાત એક ઇનિંગ 98 રનથી જીત્યું હતું. ગુજરાત વતી પ્રિયજીતસિંહ જાડેજાએ ચાર અને અરઝણ નાગવાસવાલાએ ત્રણ વિકેટ ઝડપી હતી.

. . . . . . . . . . . . .